# જાહેરનામું

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃ- ગ-ઉપક/ટ્રાફિક/૩૫૩/૨૦૧૨

તા.30/૮/૨૦૧૨

હુ એસ કે સાઈકીયા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર વિસ્તાર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) બી અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ભદ્ર પ્લાઝા ડેવલોપમેન્ટનું કામ ચાલુ હોય ને પ્રથમ તબક્કાનું કામ પુર્ણ થતા હવે સમગ્ર ભદ્ર પ્લાઝા પરીસરને તમામ પ્રકારના ટ્રાફિક માટે બંધ કરવાનો થતો હોય, ભદ્રકાળી મંદીરથી ત્રણ દરવાજા સુધીનો તમામ વિસ્તાર તા૧/૯/૨૦૧૨ થી વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવે છે. આ કામ થયા બાદ કાયમી ધોરણે સદરહુ રસ્તો બંધ કરવાનો થાય છે, જેથી જાહેર જનતા માટે વાહન વ્યવહારના સરળ નિયમન માટે રસ્તો ડાયવર્ઝન આપી તથા રોડ બંધ કરવા નીચે મુજબનો હુકમ કરૂ છુ.

હુકમઃ-

1. વિજળીઘર ચાર રસ્તા તરફથી આવતો ટ્રાફિક કારંજ પોલીસ સ્ટેશનના પાછળના રસ્તેથી ભદ્ર મંદિર સુધી જઈ શકશે નહી પરંતુ નિશાત હોટલ સુધી જ આવી શકશેઅને ત્યાથી રીલીફ સિનેમા ચાર રસ્તા તરફ જઈ શકશે.
2. ત્રણ દરવાજાથી પ્રેમાભાઈ હોલ તથા ભદ્ર મંદીર બાજુ તમામ પ્રકારના વાહનો આવી જઈ શકશે નહી. આ ટ્રાફીક માટે વૈકલ્પીક રસ્તા તરીકે પાનકોર નાકાથી રીલીફ રોડ તરફના રસ્તાનો ઉપયોગ કરી શકશે.

આ જાહેરનામા માથી ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને જાહેર સેવાની કામગીરી દરમ્યાન લાગુ પડશે નહી

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ અને મુંબઈ પોલીસ અધિનિયમ કલમ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે

આ જાહેરનામાનો અમલ તા.૧/૯/૨૦૧૨ થી કરવાનો રહેશે.

આજરોજ તા.30/૮/૨૦૧૨ એ મેં મારી સહી સિક્કો કરી આપેલ છે.

**તા.30/૮/૨૦૧૨** **(એસ.કે.સાઈકીયા)**

**અમદાવાદ શહેર** **પોલીસ કમિશ્નર**

**અમદાવાદ શહેર**

**નકલ સવિનય રવાનાઃ-**

1. મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ
2. અગ્ર સચિવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગર
3. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.. પોલીસ ભવન, ગાંધીનગર
4. કલેકટરશ્રી જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
5. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા., અમદાવાદ.
   રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.
   રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.
   ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ શહેર.
6. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
7. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રો પોલીટનની કોર્ટ, અમદાવાદ શહેર.